દર ગુરુવારે પ્રસિદ્ધ થતું સામયિક
FREE DISTRIBUTION

www.gyanvrudhi.info

DATE : 31-JANUARY-2019
THURSDAY
TOTAL PAGES : 4
RNI No : GUJGUJ/2016/71456

# જ્ઞાનવૃદ્ધિ

## ન જાણતા હોવ તો જાણો, જાણતા હોવ તો જ્ઞાનમાં વૃદ્ધિ કરો

GYAN VRUDHI : WEEKLY, EDITOR & PUBLISHER : HEMANT YOGESHBHAI JOSHI, YEAR : 3, VOLUME : 1, ISSUE : 56.

## ગુરૂ સંદેશ

'સુખ અને શાંતિ માટે આપણે મનસ્વી રીતે, કલ્પનાથી નક્કી કરેલા રસ્તાઓ આપણને સુખ કરતા નથી. પણ ભગવાને જે મારગ આપેલો છે, મહાન સંતો અને ઋષિઓએ જે મારગ આપેલો છે. તે આપણા માટે ઉત્તમ છે. તે મારગે ચાલવાથી જ સુખ-શાંતિ થાય છે ! '

'ગેસના બાટલમાં સહેજ ગાફલાઈ રાખીએ તો નુકસાન થાય, ભડાકો થાય, માણસ મરે. એમ જીવનનું પણ એવું છે. ભગવાનના આદેશ મુજબ એને પુરું કરીએ તો શ્રેય થાય અને વ્યસન, દૂષણ, પાપાચાર, વ્યભિચારમાં વાપરવાની ગાફલાઈ રાખીએ તો અધોગતિ અને નુકશાન! '

'અનીતિનું ખૂબ મળે તેના કરતાં નીતિનો સૂકો રોટલો મળે તો પણ તેમાં શાંતિ છે.'

'બીજાને દુઃખી કરીને ક્યારેય પણ સુખી થવાતું જ નથી. બીજાના સુખમાં જ આપણું સુખ છે, બીજાના ભલામાં જ આપણું ભલું છે. બીજાના ઉત્કર્ષમાં જ આપણો ઉત્કર્ષ છે.'

- પ.પૂ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

આ પુસ્તિકા વિનામુલ્યે આપને મળી હોવાથી તેને ધ્યાનથી વાંચશો.
આ પુસ્તિકામાંથી જો તમે શીખી લીધુ હોય અને તમારા માટે નકામી હોય તો તેને પસ્તીમાં કે ક્ચરામાં કે ફાડી ન દેતા, એવા વ્યક્તિને આપજો કે જે આ પુસ્તિકાનો ઉપયોગ કરી શીખી શકે.

## તંત્રીસ્થાનેથી...

**હવે આ સામયિક ને તમે તમારા મોબાઈલ પર પણ જોઈ શકશો.**

અમને આપ સૌ વાચકોને જણાવતાં આનંદ થાય છે કે 'જ્ઞાનવૃદ્ધિ' નામનુ આ સામયિક સર્વેને ઉપયોગી રહેશે અને દિન-પ્રતિદિન આવતી નવી માહિતીઓ, સમાચારો અને જાહેરાતો દ્વારા તમને માહિતગાર કરતુ રહેશે.

આ પુસ્તિકામાં જ્ઞાન અને બુદ્ધિ વધે તેવા કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, આરોગ્ય તથા એન્જીનીયરીંગ જેવા વિવિધ ક્ષેત્રોને લગતી માહિતીનો સમાવિષ્ટ કરવામાં આવશે.

આ પુસ્તિકામાં ૨૫(પચીસ)થી પણ વધારે આવરી લેવાતા મલ્ટીમીડિયા રીલેટેડ સોફ્ટવેરનું માર્ગદર્શન આપવામાં આવશે જેમાં બધા જ પાના રંગીન હોવાના કારણે સરળતાથી સમજી શકાશે.

આજના યુગમાં ધંધા તથા વ્યવસાયની પરિભાષા બદલાઈ રહી છે. ઓફલાઈનથી માંડી ઓનલાઈન પર પણ ખરીદારો અને વ્યાપારીઓ ફંટાઈ રહ્યા છે, તેવામાં ઓનલાઈન ધંધા-વ્યવસાયની માહિતી કેવી રીતે મેળવવી અને મેનેજમેન્ટ કેવી રીતે કરવું, અને જે ધંધો કે વ્યવસાય કરો તેના કાયદા શું છે અને તેમાં ભારત સરકાર તથા રાજ્ય સરકાર કેવી રીતે મદદરૂપ થાય છે તેની માહિતીનો સમાવેશ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવશે જે તમને ધંધા-વ્યવસાય કરવામાં મદદરૂપ રહેશે.

- હેમંત યો. જોષી.

ADD WINGS TO YOUR CAREER... WINGS MULTIMEDIA EDUCATION
AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE

**જ્ઞાનવૃદ્ધિ** એટલે...

**જ્ઞાનની સાથે આપના ધંધા-વ્યવસાયની જાહેરાત કરવાનું અસરકારક માધ્યમ**

આ પુસ્તિકા વિનામુલ્યે દર ગુરૂવારે પ્રસિદ્ધ થશે જે ૨૫,૦૦૦થી પણ વધારે વાચકો સુધી પહોચશે જેના દ્વારા આપના ધંધા-વ્યવસાયની માર્કેટીંગ અને પબ્લીસીટીની વ્યુહરચનાને વધુ અસરકારક બનાવે છે.

વેબસાઈટ પર પણ તમારી જાહેરાત

નાના બાળકોથી લઈને વડીલોને પણ ઉપયોગમાં આવે તેવી માહિતી તથા માર્ગદર્શન આ પુસ્તિકાને જીવીત રાખશે.

જ્યારે જ્યારે વાચક આ પુસ્તિકા વાંચશે ત્યારે તેમની નજર આપના ધંધા-વ્યવસાયની જાહેરાત પર પણ પડશે.

લાંબાગાળા સુધી આપની જાહેરાત ટકાવી રાખવા માટે

**જાહેરાત માટે સંપર્ક : 8306781161**

**૧૪ પ્રકારના ક્ષેત્રોમાંથી કમાવા માંગો છો ?**
**જો હા... તો... વિઝીટ કરો.**

**www.rupiyakamao.com**

ADD WINGS TO YOUR CAREER... WINGS MULTIMEDIA EDUCATION
AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE

**જ્ઞાનવૃદ્ધિ**

જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.
**www.gyanvrudhi.info**

### પાના નં. ૨ પર

**હવે નોકરીની ચિંતા છોડો સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ. એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો.**

વધુ વાંચો પાના નં : ૨ પર...

### પાના નં. ૨ પર

**અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અને લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.**

વધુ વાંચો પાના નં : ૨ પર...

### પાના નં. ૩ પર

**શાંતિપૂર્ણ ચૂંટણીઓ યોજાય તે લોકતંત્રની સાચી ઓળખ છે, મતદાતા એ લોકશાહીના સંરક્ષક છે : રાજ્યપાલશ્રી**

વધુ વાંચો પાના નં : ૩ પર...

**લગ્ન માત્ર વ્યકિત – વ્યકિતને જ નહિ, સમગ્ર સમાજને જોડનારું માધ્યમ : મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

વધુ વાંચો પાના નં : ૩ પર...

### પાના નં. ૪ પર

**એકાદશી એટલે અગિયારસનું મહત્વ**

વધુ વાંચો પાના નં : ૪ પર...

**પ્રજાસત્તાક દિન અથવા ગણતંત્ર દિવસ, ૨૬ જાન્યુઆરી, ભારતનો રાષ્ટ્રીય તહેવાર**

વધુ વાંચો પાના નં : ૪ પર...

### પાના નં. ૪ પર

**રૂપિયા કમાવાનો નવો માર્ગ...**
www.rupiyakamao.com
**ગુજરાતી ભાષામાં જનરલ નોલેજની ક્વિઝ રમો, રૂપિયા કમાઓ**

વધુ વાંચો પાના નં : ૪ પર...

# હવે નોકરીની ચિંતા છોડો

## સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ.

## એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો

**૧૪ ગ્રાફિક્સ અને એનિમેશનના સોફ્ટવેર-એપ્લીકેશન** તથા **૧૨ સપોર્ટેડ સોફ્ટવેર શીખવાની તક.**

### કોર્સના મુખ્ય ફાયદા :

૧.એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર, શરૂઆતનો પગાર રૂા. ૧૨,૦૦૦/-.
૨.લાયસન્સ વર્ઝન સોફ્ટવેર પર પ્રેક્ટીશ.
૩.હાઈ-કન્ફીગ્યુરેશનવાળી કોમ્પ્યુટર સીસ્ટમ. અધતન ટેક્નોલોજી ધરાવતા સાધનો.
૪.અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન.
૫.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૧૦% વધારો મળશે.
૬.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૫% કમિશન મળશે.
૭.પ્રથમ ૩૦ વિદ્યાર્થીને પ્રોફીટ શેરીંગનો લાભ.
૮.પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો સ્ટુડિયો સેટ-અપ.

### કોર્સમાં કોણ જોડાઈ શકે ?

૧.કોલેજ કરતા વિદ્યાર્થીઓ
૨.ગૃહિણીઓ
૩.નોકરી કરવાની ઈચ્છા ધરાવતા તમામ.
૪.પોતાનો નવો ધંધો-વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા તમામ.
૫.આઈ.ટી.આઈ, સાયન્સ, કોમર્સ,આર્ટસ, મેડીકલ, એન્જીનીયરીંગ કરતા તમામ.

કોર્સમાં જોડાવાની લાયકાત :
૧.કોમ્પ્યુટરનુ બેઝીક નોલેજ – ઇન્ટનેટ, ઈ-મેઈલ, એમ.એસ. ઓફીસનું નોલેજ.
૨.૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ.

## વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161

# અભિનેતા બની અને લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.

## અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની તક.

### કોર્સના મુખ્ય ફાયદા :

૧. એસોસીએટ ફર્મની એડફિલ્મમાં વિવિધ રોલ ભજવી કુલ ૨૮ એડફિલ્મોમાં લીડિંગ રોલ.
૨. ૨૮ એડફિલ્મો બાદ કાર્પોરેટ એડફિલ્મોમાં લીડિંગ રોલ - દરેક એડફિલ્મ દીઠ રૂા. ૧૦,૦૦૦/-.(બે વર્ષનો એગ્રીમેન્ટ)
૩. એસોસીએટ ફર્મના પેમ્ફલેટ તથા જાહેરાતોમાં તમારો ચહેરો છપાશે .
૪. એસોસીએટ ફર્મના સ્ટેજ શો તથા પ્રમોશનલ એક્ટીવીટીમાં એન્કરીંગ કરવાની તક. (પ્રથમ ૩ શો વિનામૂલ્યે ત્યારબાદ દરેક શો ના રૂા. ૧૦,૦૦૦/- મળશે.)
૫. કોઈ વિદ્યાર્થી રેફર કરો તો ૫% કમિશન મળશે.
૬. પ્રોફીટ શેરીંગનો લાભ.
૭. પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો એક્ટીંગ સ્ટુડિયો સેટ-અપ.

### કોર્સમાં કોણ જોડાઈ શકે ?

૧.ફક્ત ૧૯ વર્ષથી ૨૩ વર્ષ સુધીની હોવી જોઈએ.
૨.ફક્ત યુવકો જ જોડાઈ શકશે.

કોર્સમાં જોડાવાની લાયકાત :
૧.કોમ્પ્યુટરનુ બેઝીક નોલેજ – ઇન્ટનેટ, ઈ-મેઈલ, એમ.એસ. ઓફીસનું નોલેજ.
૨.દેખાવડો ચહેરો.
૩.ઓછામાં ઓછી ૫.૫ ફૂટ હાઈટ-બોડી.
૪.ટુ વ્હીલર, ફોર વ્હીલર ચલાવતા આવડવું જોઈએ.
૫.સોશ્યલ મિડીયાનું નોલેજ.
૬.તમારો અવાજ ભારે હોવો જોઈએ.

## વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161

# શાંતિપૂર્ણ ચૂંટણીઓ યોજાય તે લોકતંત્રની સાચી ઓળખ છે, મતદાતા એ લોકશાહીના સંરક્ષક છે : રાજ્યપાલશ્રી

તારીખ ૨૬મી જાન્યુઆરી-૧૯૫૦ના રોજ ભારત પ્રજાસત્તાક દેશ બન્યો અને તેના એક દિવસ પૂર્વે તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ ભારતીય ચૂંટણી પંચની સ્થાપના કરવામાં આવી હતી. દર વર્ષે ૨૦૧૧થી આ દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીમાં રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, દેશ અને રાજ્યમાં શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં ચૂંટણીઓ યોજાય તે લોકતંત્રની સાચી ઓળખ છે. મતદાતા એ લોકશાહીના સંરક્ષક છે.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. ભારતમાં વિવિધ સંસ્કૃતિ, ભાષા, ધર્મ-સંપ્રદાય, પ્રાંત, ભૌગોલિક પરિસ્થિતિ, શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં અનેક અડચણો વચ્ચે પણ દેશમાં ચૂંટણી પ્રક્રિયાઓ સફળ રીતે સંપન્ન થાય છે તે માટે તેમણે તમામ અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આપણો દેશ પ્રજાસત્તાક દેશ છે, લોકશાહીનો મુખ્ય આધાર ચૂંટણી છે. આપણા દેશની લોકશાહી વધુને વધુ પરિપક્વ બની રહી છે. મતદાતા નિડર રહી મતદાન કરે એ તંદુરસ્ત લોકશાહી માટે અત્યંત આવશ્યક છે. જે લોકો ચૂંટણી પ્રક્રિયામાં નિરૂત્સાહી રહે છે તેઓને વધુ મતદાન કરવા માટે પ્રેરિત કરવા જોઈએ. લોકતંત્રને મજબૂત બનાવવા માટે ભારતીય ચૂંટણી આયોગ તેમજ વિવિધ રાજ્યોના ચૂંટણી આયોગની વિશ્વસનિયતા મહત્વપૂર્ણ છે તે માટે જે કામગીરી થઈ રહી છે તે ખૂબ જ સરાહનીય છે તેમ પણ રાજયપાલશ્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત નાગરિકોને રાજયપાલશ્રીએ મતદાન માટે તેમજ અન્ય લોકોમાં મતદાન માટે જાગૃતિ ફેલાવવા અંગે શપથ લેવડાવ્યા હતા.

રાજ્ય ચૂંટણી કમિશનર શ્રી વરેશ સિંહાએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સમયે દરેક મતદારે મતદાન કરવું જોઈએ જેનાથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સ્વરાજ્યનું સ્વપ્ન સિદ્ધ થશે.

રાજ્ય માહિતી આયોગના પૂર્વ કમિશનરશ્રી બલવંતસિંહે કહ્યું હતું કે, દેશ અને રાજ્યના ચૂંટણી આયોગે વિવિધ સુધારા કર્યા છે જેના પરિણામે મતદાનની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયો છે.

મતદાર યાદી સુધારણા-૨૦૧૮માં શ્રેષ્ઠ કામગીરી કરનાર સાબરકાંઠા કલેકટરશ્રી પ્રવિણા ડી.કે., નવસારી કલેકટર ડૉ. એમ.ડી.મોડિયા, પાટણ કલેકટરશ્રી આનંદ.બી.પટેલ, તાપી કલેકટરશ્રી એન.કે.ડામોરને શ્રેષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે જયારે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે જામનગરના શ્રીમતી એમ.એમ.જોષી, પોરબંદરના શ્રી કે.જી. ચૌધરી, સુરતના સી.પી.પટેલ અને બનાસકાંઠાના શ્રી વાય.પી. ઠક્કરને રાજયપાલશ્રીના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા હતા. મતદાર નોંધણી અધિકારીમાં ૪૧-ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારના શ્રીમતી ભારતીબેન વાઘેલા, ૩૮-કલોલ મત વિસ્તારના નેહાકુમારી અને ૨૯-ખેડબ્રહ્માના શ્રી કે.એસ.મોદીને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીના અંગત સચિવશ્રી ડી.એમ.ડાંગર, સેકશન અધિકારીશ્રી એમ.ડી. મુદલીયાર અને સેવક શ્રી ભરતભાઈ શાહને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને કેમ્પસ નાયબ મામલતદારો, સુપરવાઈઝર્સ, કેમ્પસ એમ્બેસેડર તેમજ બૂથ લેવલ ઓફિસર્સને મતદારયાદી સુધારણામાં સારી કામગીરી બદલ સન્માનિત કરાયા હતા.

મતદારોને આકર્ષવા બદલ સ્ટેટ આઈકોન્સ માર્શલ આર્ટના શ્રી વિસ્પી પ્લેયર શ્રી પારૂલ પરમારને સન્માનપત્ર અપાયા હતા.

વર્ષ દરમિયાન મતદાર યાદી સુધારણા-૨૦૧૮ અંતર્ગત ફોક આર્ટ, કાર્ટુન, સ્નેપ શોર્ટ જેવી વિવિધ સ્પર્ધા યોજાઈ હતી જેમાં વિજેતા સ્પર્ધકોને ઈનામ આપવામાં આવ્યા હતા.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી એસ.મુરલીકિષ્ણાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે આભારવિધિ ગાંધીનગર જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એસ.કે.લાંગો કરી હતી.

આ પ્રસંગે અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી અશોક માણેક, અધિક મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી એસ.એમ. પટેલ, સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી શ્રી જયદીપ દ્વિવેદી, શ્રી એમ.એ.ગોરિયા અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીના અધિકારીઓ- કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## ચૂંટણી પ્રક્રિયામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓ-કર્મચારીઓને રાજયપાલશ્રીના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા

# લગ્ન માત્ર વ્યકિત – વ્યકિતને જ નહિ સમગ્ર સમાજને જોડનારું માધ્યમ : મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, ભારતીય પરંપરામાં લગ્નજીવનને વ્યકિતને વ્યકિત સાથે જોડતું નહિ પરંતુ સમગ્ર સમાજને જોડનારું માધ્યમ ગણવામાં આવ્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ભારતીય પરંપરામાં એટલા માટે જ લગ્નને સાત સાત ભવના સંબંધ તરીક ઓળખવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રીએ સાળંગપુર ખાતે યોજાયેલા તૃતિય સમૂહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહી પ્રભુતામાં પગલા પાડતા ૧૦૮ નવદંપતિઓને આશિવાર્દ પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ઋષિ-મુનિઓએ લગ્નજીવનની જે અદ્દભુત પરંપરા ગોઠવી છે, તેથી લગ્ન બાદ વેવાઈ, વેવાણ, માસા – માસી વગેરે જેવા સંબંધો છે. ભારત સિવાયના કોઈ લગ્ન વ્યવહારમાં આવા સંબંધો ઓછા જોવા મળે છે. તેમણે કહ્યું કે, સમૂહ લગ્નને પ્રોત્સાહન આપવા માટે દરેક યુગલને રૂપિયા ૧૦,૦૦૦/- અને આયોજકોને રૂપિયા ૫૦,૦૦૦/- લેખે આ સમૂહ લગ્નોત્સવમાં રૂપિયા ૧૦.૮૦ લાખની રકમ રાજ્ય સરકાર તરફથી સમૂહ લગ્નોત્સવમાં પ્રોત્સાહન રૂપે આપવાની જાહેરાત કરી હતી.

શ્રી વિજયભાઈએ સમૂહ લગ્નોત્સવ સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપે છે. આ ઉપરાંત સમરસતાથી જ સમાજનો વિકાસ થતો હોય છે. ત્યારે સૌના સાથ – સૌના વિકાસથી આ સામાજિક સમરસતાને વધુ ઉપર લઈ જવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આજે સંતો લગ્નો કરાવી સમાજના પૂરક અને પ્રોત્સાહક બન્યા છે, તેમ જણાવી આ કાર્ય બદલ આનંદ વ્યકત કર્યો હતો. તેમણે કહ્યું કે, ભગવાન હનુમાનજીએ આપણાં સમાજના આદર્શ દંપતિ ગણાતાં રામ અને સીતાના સેવક બની સંસારની શ્રેષ્ઠતા બક્ષી હતી, તેવા હનુમાનજીના ધામમાં મોટા પાયે લગ્નોત્સવ યોજાય છે તે અનુકરણીય પગલું છે. ભગવાન સ્વામિનારાયણે નાનામાં નાના જીવ પ્રત્યે પણ દયા, કરૂણા દાખવી હતી તેનું સ્મરણ કરી કહ્યું કે, સ્વામિનારાયણના સંતોએ યુવાનોને શિક્ષિત – દિક્ષિત બનાવવાની સાથે સંસ્કારી બનાવવાનું અદ્દભુત કાર્ય કર્યું છે.

તેમણે કહ્યું કે, ભારતીય સમાજમાં લગ્નને સંસ્કાર તરીકે જોવાય છે. જીવનની પૂર્ણતા તેમા સમાયેલી છે. આપણે એટલે જ લગ્નો પણ ધાર્મિક વિધિવિધાનથી કરીએ છીએ. લગ્નએ માત્ર બે આત્માનું નહિ પણ બે કુટુંબ – બે સમાજ વચ્ચેનું પણ મિલન છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે એમ્બયુલન્સ વાનનું પણ લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી વિજભાઈ રૂપાણીએ ભગવાન સ્વામિનારાયણ પ્રસંગોની પુષ્પમાળાના પુસ્તક 'સારંગપુરમાં સારંગ પાણી' પુસ્તકનું વિમોચન પણ આ પ્રસંગે કર્યું હતું. વડતાલ સ્વામિનારાયણ મંદિરના મહંતશ્રી આચાર્ય રાકેશપ્રકાસદાસજી મહારાજે આશિર્વચન આપતાં જણાવ્યું કે, મુંગા પશુથી લગ્નોત્સવ સુધીની સેવા રાજ્ય સરકાર દ્વારા ઉત્સાહથી ઉપાડવામાં આવે છે. કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનાં ચરણમાં આવતા દરેકનું દુ:ખ, કષ્ટ હનુમાનજી દુર કરે છે. ત્યારે હનુમાનજી ભગવાનના દરબારમાં સમૂહ લગ્નોત્સવ યોજાયો છે, તેનો આનંદ પણ તેમણે આ તકે વ્યક્ત કર્યો હતો. બોટાદ ભજનાંનદ આશ્રમનાં આત્માનંદ સરસ્વતી મહારાજે જણાવ્યું કે, આહાર, વિહાર અને નિહાર પર નિયંત્રણ દ્વારા જીવનને ઉત્કર્ષની દિશામાં લઈ જવાનું પગલું એટલે લગ્નજીવન છે. ચારિત્ર્ય ચિત્ર બદલી શકે છે, ચારિત્ર્ય વિચિત્રતાને દૂર કરી શકે છે.

આ તૃતિય સમૂહ લગ્નોત્સવમાં ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, પૂર્વ સાંસદ શંકરભાઈ વેગડ, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી રમણલાલ વોરા, મુખ્યમંત્રીશ્રીના ધર્મપત્ની શ્રીમતી અંજલિબેન રૂપાણી, નૌતમ સ્વામી, ઈકાબાપુ, કાલીદાસ બાપુ, વિષ્ણુદાસજી મહારાજ, વિવેકસાગર સ્વામી, હરિપ્રકાશ સ્વામી, સંતો – મહંતો, પ્રભુતામાં પગલા પાડનાર યુગલો, યુગલોના માતા – પિતા, દાતાઓ તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીશ્રીએ સાળંગપુર ખાતે યોજાયેલા તૃતિય સમૂહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહી પ્રભુતામાં પગલા પાડતા ૧૦૮ નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા

## 'જ્ઞાનવૃદ્ધિ' સામયિકનો ઉપયોગ કેવી રીતે કરશો ?



(૧) તમને મળતા 'જ્ઞાનવૃદ્ધિ'ના તમામ અંકોને એક ફાઈલમાં ભેગા કરવા.
(૨) જે તે વિષયની માહિતી કે જાણકારીને ક્રમમાં ગોઠવીને વાંચવી.
(૩) જો કોઈ વખત તમને આ જ્ઞાનવૃદ્ધિ સામયિક તમને ન મળે તો 'જ્ઞાનવૃદ્ધિ' ની વેબસાઈટ પરથી પણ તમે જોઈ શકશો.
(૪) જ્ઞાનવૃદ્ધિ સામયિકને તમે મોબાઈલમાં પણ જોઈ શકાશે.

www.gyanvrudhi.info

# એકાદશી વ્રત

ભારતનાં ઋષિમુનિઓએ ભારતીય સંસ્કૃતિને ઊંચી લાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. તેઓએ પાપ-પુણ્યનો, સ્વર્ગ-નર્ક આદિનો વિચાર પ્રદર્શિત કરી મનુષ્યને સારા માર્ગે ચાલવા, સારા કર્મો કરવા, જપ, તપ, વ્રત, ઉપવાસ કરવા સુચન કર્યુ છે. જેમાં એકાદશીનાં વ્રતનું માહાત્મય ખુબજ મોટું છે. એકાદશી એટલે અગિયારસ. વિક્રમ સંવત મુજબ એક વર્ષમાં બાર મહિના(માસ) હોય છે. જેમાં એક માસમાં બે પક્ષ હોય છે. જેમાં એક શુકલ પક્ષ(સુદ) અને બીજો કૃષ્ણ પક્ષ (વદ) કહેવાય છે. બન્ને પક્ષમાં આવતી અગિયારમી તિથિને અગિયારસ અથવા એકાદશી કહેવાય છે. એક વર્ષ દરમિયાન કુલ ૨૪ એકાદશી આવે છે. તે ઉપરાંત જો દર ત્રણ વર્ષે આવતા અધિકમાસની બે એકાદશી મળીને કુલ ૨૬ એકાદશી હોય છે. એકાદશીને તેના મહત્વના લીધે અલગ અલગ નામથી ઓળખવામાં આવે છે.

એકાદશીનાં વ્રતમાં ઉપવાસ કરવામાં આવે છે. આમ તો સામાન્ય રીતે ઉપવાસ બે પ્રકારનાં છે. સાપત્ય મનુષ્ય શુકલ પક્ષની અને કૃષ્ણ પક્ષની એમ બંને એકાદશીનો ઉપવાસ કરતા હોય છે. જયારે અપત્ય મનુષ્ય કૃષ્ણ પક્ષની એકાદશીનું વ્રત ન કરતાં સમપત્ર વ્રતનો સંકલ્પ કરે છે. એ જ પ્રમાણે શુકલ પક્ષની ક્ષયતિથિ હોય તો પણ વ્રત ન કરવું જોઈએ તેવો મત છે. વૈષ્ણવો કૃષ્ણ પક્ષની એકાદશી કરે છે. આ એકાદશીનું વ્રત શિવ, વૈષ્ણવ અને શૂદ્ર એમ દરેક કરી શકે છે. છવ્વીસ એકાદશીના વ્રત ન કરી શકે તેને અષાઢ સુદ એકાદશી એટલેકે દેવશયની એકાદશીથી કારતક સુદ એકાદશી એટલેકે પ્રબોધિની એકાદશી સુધીની બધી એકાદશી કરવી જોઈએ. પરણેલી સ્ત્રીઓએ પતિની આજ્ઞા સિવાય એકાદશીનું વ્રત ન કરવુ જોઈએ તેવુ મહત્વ છે.

એકાદશીનાં વ્રતમાં ઉપવાસ કરવો જરૂરી છે. બને ત્યાં સુધી ઉપવાસમાં ફકત ફળાહાર કરવો જોઈએ. જુદી જુદી ફરાળી વાનગીઓ બનાવીને આહારમાં લેવી ન જોઈએ. પુરાણોમાં જણાવવામાં આવ્યુ છે કે દિવસમાં એક વખત ભોજન લઈને એકાસશીનું વ્રત કરનારને એક ભવનાં પાપ નાશ પામે છે. હકીકતમાં નિરાહારથી ફળાહાર ઉત્તમ છે. તેમજ એકાદશીનું વ્રત આલોક અને પરલોકનું સુખ આપનાર છે. ઉપરાંત સંતાનની ઈચ્છાવાળાએ આ વ્રત કરવું જોઈએ. આમ પુરાણોમાં લખાયુ છે. દરેક એકાદશીની કથા વાર્તાઓ તથા તેનું અલગ અલગ મહત્વ દર્શાવવામાં આવ્યુ છે

## દરેક એકાદશીનાં નામ

(૧) પ્રબોધિની એકાદશી (૨) ઉત્પતિ એકાદશી (૩) મોક્ષદા એકાદશી (૪) સફલા એકાદશી (૫) પુત્રદા એકાદશી (૬) ષટતિલા એકાદશી (૭) જયા એકાદશી (૮) વિજયા એકાદશી (૯) આમલકી એકાદશી (૧૦) પાપમોચિની એકાદશી (૧૧) કામદા એકાદશી (૧૨) વરુથિની એકાદશી (૧૩) મોહિની એકાદશી (૧૪) અપરા એકાદશી (૧૫) નિર્જળા એકાદશી (૧૬) યોગિની એકાદશી (૧૭) શયન એકાદશી (૧૮) કામિકા એકાદશી (૧૯) પુત્રદા એકાદશી (૨૦) અજા એકાદશી (૨૧) જયંતી એકાદશી (૨૨) ઈન્દિરા એકાદશી (૨૩) પાશાંકુશા એકાદશી (૨૪) રમા એકાદશી (૨૫) પદ્મિની એકાદશી (૨૬) પરમા એકાદશી

રૂપિયા કમાવાનો નવો માર્ગ...

www.rupiyakamao.com

સભ્યપદ

વિનામૂલ્યે

ગુજરાતી ભાષામાં જનરલ નોલેજની ક્વિઝ રમો, સરળ પ્રશ્નોનાં અન્ય કરતા વહેલા જવાબ આપો અને રોજ ઓછામાં ઓછા રૂા. ૧૦૦/- થી લઈને રૂા. ૨૪૦/- કમાવાની તક.

www.rupiyakamao.com

# પ્રજાસત્તાક દિન અથવા ગણતંત્ર દિવસ, ૨૬ જાન્યુઆરી

પ્રજાસત્તાક દિન અથવા ગણતંત્ર દિવસ, ૨૬ જાન્યુઆરી, ભારતનો રાષ્ટ્રીય તહેવાર છે. આ દિવસે ઈ.સ. ૧૯૫૦માં ભારતનું બંધારણ અમલમાં આવ્યુ હતુ અને ભારત બ્રિટિશ વાલીપણા હેઠળનાં દેશમાંથી સંપૂર્ણ પ્રજાસત્તાક (ગણતંત્ર) દેશ બન્યો હતો.

## ઈતિહાસ

ભારત ૧૫ ઓગસ્ટ,૧૯૪૭ નાં રોજ સ્વતંત્ર થયું, પરંતુ તેમને તેમનું કાયમી બંધારણ હતું નહીં; તેને બદલે સુધારેલા વસાહતી કાયદા, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૫ પર આધારીત, નો અમલ થતો અને દેશ રાજા પંચમ જ્યોર્જનાં બ્રિટિશ આધિપત્ય તળે ગણાતો અને દેશનાં વડા એવા સર્વોચ્ચ પદ 'ગવર્નર જનરલ' ના પદ પર લોર્ડ માઉન્ટબેટન કારભાર સંભાળતા હતા. ૨૯ ઓગસ્ટ,૧૯૪૭ નાં રોજ કાયમી બંધારણની રચના માટે ડો.આંબેડકરનાં વડપણ હેઠળ એક મુસદ્દા સમિતિ નું ગઠન કરવામાં આવ્યું. સમિતિ દ્વારા બંધારણનો મુસદ્દો તૈયાર કરી અને ૪ નવેમ્બર,૧૯૪૭ નાં રોજ બંધારણ સભા સમક્ષ રજુ કરવામાં આવ્યો. બંધારણનો સ્વિકાર કરતાં પહેલાં બંધારણ સભા નું ૧૬૬ દિવસનું જાહેર સત્ર મળ્યું, જે ૨ વર્ષ,૧૧ માસ અને ૧૮ દિવસ ચાલ્યું. કેટલાયે વિચારવિમર્શ અને સુધારાઓ પછી,૩૦૮ સભ્યની આ બંધારણ સભાએ ૨૪ જાન્યુઆરી,૧૯૫૦ નાં રોજ આ દસ્તાવેજોની હિન્દી અને અંગ્રેજીમાં હસ્તલિખીત બે નકલો પર હસ્તાક્ષરો કર્યા. બે દિવસ પછી, ભારતનું બંધારણ ભારતભૂમિ માટે કાયદાનું સ્વરૂપ પામ્યું. ભારતનું બંધારણ ૨૬ જાન્યુઆરી,૧૯૫૦ થી અમલમાં આવ્યું. અને રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા. ખરેખર, આ એક વિચારણીય પગલું હતું, ૨૬ જાન્યુઆરીનાં બંધારણ પર હસ્તાક્ષર કરી અને સ્વતંત્ર્યતા સેનાનીઓ,કે જેઓ ૨૬ જાન્યુઆરીને ભારતનાં સ્વતંત્રતા દિવસ તરીકે ઈચ્છતા હતા, તેમના પ્રત્યે સન્માન દર્શાવવામાં આવ્યું.

ભારતનાં બંધારણનાં અભ્યાસુ એવા ગ્રેનવિલ ઑસ્ટિન નાં મતાનુસાર, ડો.આંબેડકર દ્વારા તૈયાર થયેલ ભારતનાં બંધારણનો મુસદ્દો "પ્રથમ અને સર્વપ્રથમ સામાજીક દસ્તાવેજ" છે..."મોટાભાગનીં બંધારણની જોગવાઈઓ,કાં તો સીધા સામાજીક ક્રાંતિનાં ઉદ્દેશને આગળ ધપાવવા માટે અથવા આ ક્રાંતિનો ઉદ્દેશ બર લાવવા માટે જરૂરી પરિશ્થિતિઓનું નિર્માણ કરવા માટે કરાયેલ છે."

આ સંશોધન તંત્રને રજુ કરવાનાં સમયેજ બિરદાવતા ડો.આંબેડકરે જણાવ્યું કે:

"આથી અમે ખાત્રી પૂર્વક કહી શકીયે છીએ કે,ભારતીય મહાસંઘ કઠોરતા કે વિધિપરાયણતાનાં દોષથી ગ્રસિત થશે નહીં. તેની વિશિષ્ટ વિશેષતા એ છે કે આ એક લચકદાર સંઘ છે."

“સંસદ સાથે કાર્યાન્વીત ત્રિસ્તરીય પદ્ધતિએ ધારણાઓથી વિરુદ્ધ, રાજ્યોના હિતોનું ધ્યાન રાખવા સાથે બંધારણને વધુ લચીલું બનાવ્યું છે. બંધારણ આધારિત બ્રિટિશ સંસદીય પદ્ધતિ અને રાજય પદ્ધતિના સમન્વયે બીજા અન્ય કોઈપણ દેશમાં સુધારીત આવૃત્તિ કરતાં અહીં સારી રીતે સફળ રહી છે.” -- ગ્રેનવીલે ઑસ્ટીન, ૧૯૬૬, ૩૨૧.

ઉપરોક્ત રાજ્ય પધ્ધતિ સાથે સહમત થઈ યુનાઈટેડ કિંગ્ડમના તત્કાલીન પ્રધાનમંત્રી(એપ્રીલ ૧૯૫૫ થી જાન્યુઆરી ૧૯૫૭) સર એંથોની એડને પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યુકે "અત્યાર સુધીની તમામ રાજય પધ્ધતિઓમાં કરવામાં આવેલ તમામ પ્રયોગોને ધ્યાને લેતા હુ માનુ છુ કે ભારતની સંસદીય લોકશાહીનું સ્વરુપ સૌથી નિરાળુ છે. એક વિશાળ ઉપખંડ દશ હજાર વર્ષ ઉપરાંતની પધ્ધતિને મુક્ત લોકશાહીમાં ફેરવી રહ્યો છે. આ એક હિમ્મતપૂર્વકનો નિર્ણય છે. આ કોઈ આપણી નકલ નથી પરંતુ વિશાળ હૃદયની તથા મુક્ત વિચારસરણીનો ઉત્તમ નમૂનો છે જે આપણા સ્વપ્નાઓમાં પણ આવી નથી. જો આ સફળ થાય છે તો સમગ્ર એશીયા માટે અસિમિત ફાયદો થશે. આ પ્રયોગનુ પરિણામ ગમે તે આવે આપણે સૌએ આ પ્રયોગ કરનાર તમામને બિરદાવવા જોઈએ."

અમેરિકન બંધારણીય સત્તાધારી ગ્રાનવિલે ઑસ્ટિન દ્વારા વ્યક્ત કરવામાં આવેલ અભિપ્રાય વધુ અર્થપૂર્ણ હતો, જેમણે લખ્યું હતું કે ભારતીય સંસદ વિધાનસભાની શરૂઆત શું થઈ હતી તે ૧૭૮૭ માં ફિલાડેલ્ફિયામાં ઉત્પન્ન થયું ત્યારથી 'કદાચ સૌથી મહાન રાજકીય સાહસ હતું.'

"તાજેતરના વર્ષોમાં, કેટલાક નાગરિકોમાં તે સ્થાપકો અને તેમના દસ્તાવેજોને અવગણવા માટે ફેશનેબલ બની ગયું છે. આ લોકોએ ૧૯૫૦ થી દેશના વિકાસ દ્વારા નિરાશ થયા છે, તેઓએ બંધારણને બદલવાની વિનંતી કરી છે કે તે 'કામ કર્યું નથી'. આવી વિચારસરણી, મારા મત મુજબ, ગેરમાર્ગે દોરેલા છે. બંધારણો 'કામ' કરતા નથી, તેઓ નિષ્ક્રિય છે, નાગરિકો દ્વારા 'કામ' કરવામાં આવે છે અને ચૂંટાયેલા નેતાઓ નિયુક્ત કરવામાં આવે છે. "- ગ્રેનવિલે ઓસ્ટિન

આ દિવસનું મહત્ત્વ સિદ્ધ કરવાના ઉદ્દેશ્યથી દર વર્ષે નવી દીલ્હીમાં એક મહા સરઘસ (પરેડ)નું આયોજન કરવામાં આવે છે. તેની શરૂઆત રાષ્ટ્રપતિ ભવન નજીક આવેલ રૈસિના ટેકરીથી થાય છે. રાજપથ ઈંડીયા ગેટ થઈ તે ઐતિહાસિક લાલ કિલ્લા સુધી પહોંચે છે. પાયદળ વાયુસેના અને નૌસેનાની વિવિધ ટુકળીઓ તેમના સત્તાવાર ગણવેશમાં કવાયત કરતાં ચાલે છે. ભારતના રાષ્ટ્રપતિ જે ત્રણેય સેનાના પ્રમુખ છે, તેઓ સલામી ઝીલે છે. આ પરેડમાં ભારતના જુદાજુદા પ્રદેશની ઝાંકીઓને ફ્લોટ્સ (ખટારા અને ટ્રેલર પર બનાવેલ ધીમેથી સરકરતો મંચ) પર બતાવવામાં આવે છે. આ પરેડનું જીવંત પ્રસારણ દૂરદર્શન અને આકાશવાણી પરથી કરવામાં આવે છે. રાષ્ટ્રીય બહાદૂરી ચંદ્રક મેળવનાર બાળકો પણ આ સરઘસનો એક ભાગ હોય છે.ચ્ભ્. પ્રાયઃ તેમને હાથી પર અંબાડીમાં બેસાડવામાં આવે છે. પ્રાદેશિક ઝાંકી (જુદા જુદા પ્રદેશની સાંસ્કૃતિક ઓળખ આપતી ઝલક) સિવાય અન્ય દેખાવ પણ બતાવાય છે. અંતમાં ભારતીય વાયુસેનાના શક્તિ પ્રદર્શનથી આ સરઘસ પૂર્ણ થાય છે.

રાજયની રાજધાનીઓમાં પણ ઉજવણી કરવામાં આવે છે, જેમાં રાજ્યપાલ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવે છે. જો રાજયપાલ અસ્વસ્થ હોય કે કોઈ કારણસર હાજર ના હોય તો રાજયના મુખ્યમંત્રીને ધ્વજ ફરકાવવાનું માન મળે છે.

૨૬ જાન્યુઆરી ૧૯૫૦ એ ભારત દેશના ઈતીહાસમાં ઘણો અગત્યનો દિવસ છે. આ દિવસે ભારત દેશનું બંધારણ અમલંમા આવ્યું હતું અને ભારત ખરા અર્થમાં સ્વતન્ત્ર રાર્ષ્ટ બન્યું હતું. આ દિવસે ભારત સંપૂર્ણ લોક્તંત્ર બન્યુ. દેશે મહાત્મા ગાંધી અને હજારો સ્વતંત્ર સેનાનીઓ જેમણે સ્વાતંત્ર્ય માટે પોતાનુ સર્વસ્વ ન્યોછાવર કર્યુ હતુ તેમનુ સ્વતંત્ર રાષ્ટ્રનું સ્વપ્ન ફળીભુત થતુ જોયુ. ત્યારથી ૨૬ જન્યુઆરી એ રાષ્ટ્રીય રજા ગણાય છે અને ગણતંત્ર દિવસ તરીકે ઉજવાય છે.

આજે સમગ્ર દેશમાં ગણતંત્ર દીવસ ઉજવાય છે, ખાસ કરીને ભારતની રાજધાની દીલ્હીમાં આ ઉજવણી રાષ્ટ્રપતિના રાષ્ટ્ર માટેના ઉદ્‌બોધનથી શરુ થાય છે. ભાષણની શરુઆત સ્વાતંત્ર સેનાનીઓ એ આપેલા બલિદાન તેમ જ શ્રધ્ધાંજલીથી થાય છે કે જેઓએ દેશના સ્વાતંત્ર્ય માટે સમગ્ર જીવન ન્યોછાવર કરી દીધું હતું તથા રાષ્ટ્રની સંહિતા માટે લડ્યા હતા. ત્યાર બાદ રાષ્ટ્રપતિ મંચ પર આવી લશ્કરના જવાનોના પરીવારજનોને જવાનોની યુધ્ધમાં દાખવેલ અજોડ બહાદુરી માટે ચન્દ્રકો એનાયત કરે છે. તથા ભારતના નાગરીકો કે જેમણે અસામાન્ય પરીસ્થિતિઓમાં

www.rupiyakamao.com માં આવેલ e-store દ્વારા વિવિધ વસ્તુઓનું વેચાણ કરો અને રૂપિયા કમાઓ.
આ e-store માં ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ, વિવિધ બ્રાન્ડના મોબાઈલ તથા એસેસરીઝ, રેડીમેડ ગારમેન્ટ્સ, ગીફ્ટ આર્ટીકલ્સ, કોસ્મેટીક્સ અને શૃંગારની આઈટમ્સ, ઘડિયાળો, બુક્સ, ફર્નિચર, ક્રોકરી આઈટમ્સ, હોમ એપ્લાયન્સીસ, ડેકોરેટીવ ઝુમ્મર નું વેચાણ કરી રૂપિયા કમાઈ શકશો.

GYAN VRUDHI, DATE : 31-JANUARY-2019, THURSDAY, YEAR : 3, VOLUME : 1, ISSUE : 56, TOTAL PAGES : 4.
OWNER, PRINTER, PUBLISHER & EDITOR : HEMANT Y. JOSHI, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED AT : 3519, AMBAJIMATANO PACHHAL NO VISTAR, NANI BHAGOL, AT & PO : PRANTIJ, TALUKA : PRANTIJ, 383205. DIST : SABARKANTHA. GUJARAT.